પ્રાથમિક શિક્ષણમાં કન્યા શિક્ષણને
પ્રોત્સાહનની વિદ્યાલક્ષ્મી યોજના

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૨૦૨/૭૫૭/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૮/૦૫ /૨૦૧૩

0 9 MAY 2013

વંચાણે લીધાઃ-

(૧) શિ. વિ.ના તા.૧૮/૬/૨૦૦૨ ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૨૦૨/૭૫૭/ક
(૨) શિ. વિ.ના તા.૨૫/૨/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૨૦૨/૭૫૭/ક
(૩) શિ. વિ.ના તા.૧૯/૫/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૨૦૨/૭૫૭/ક
(૪) પ્રા.શિ.નિ.શ્રીનો તા.૧૪/૫/૨૦૧૨ નો પરિપત્ર ક્રમાંકઃપ્રાશિનિ/ચ.૧/વિ.લ.બો/૧૨-૧૩/૧૪૨૦-૧૫૯૫
(૫) પ્રા.શિ.નિ.શ્રીની તા.૨૦/૧૨/૨૦૧૨ ની ક્રમાંકઃપ્રાશિનિ/ચ.૧/વિ.લ.બો/૧૨-૧૩/સીંગલ ફા.૪૪

ઠ રા વ

સંદર્ભમાં દર્શાવેલ ક્રમાંકઃ(૧) થી (૩) માં દર્શાવેલ આ વિભાગના તેમજ સંદર્ભઃ(૪) માં દર્શાવેલા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના તા.૧૪/૫/૨૦૧૨ પરિપત્ર અનુસાર રાજયમાં પ્રાથમિક શિક્ષણમાં કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટેની વિદ્યાલક્ષ્મી યોજના અમલમા છે. હાલમાં આ યોજના હેઠળ ધોરણ-૧ માં પ્રવેશ મેળવતી કન્યાઓને રૂા. ૨૦૦૦/-(રૂપિયા બે હજાર પુરા)નો વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે. જેની ચૂકવણી જે તે કન્યાઓને ધોરણ-૮ પાસ કર્યા બાદ શાળાના આચાર્યનું પ્રમાણપત્ર રજુ કર્યેથી કરવામાં આવે છે. હાલની આ જોગવાઇમાં ફેરફાર કરીને ધોરણ-૮ પાસ કર્યા બાદ જે તે કન્યાઓના નામનું અથવા વાલીના નામનુ બેન્કમાં ખાતુ ખોલાવી તેમાંજ આ રકમ જમા કરાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી જે અંગે કાળજી પૂર્વકની વિચારણા બાદ સરકારશ્રીની આથી મંજુરી આપવામાં આવે છે.

૨. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીના તા.૩૦/૩/૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યોગેશ રાવલ)
ઉપસચિવ.
શિક્ષણ વિભાગ

નકલ રવાના

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

નવી બાબત-૨૦૧૩

- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા